(૬૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૨૪)**

૧. ફાસુય **એસણિજ્જેણં અસણં પાણં ખાઈમં સાઈમં વત્થ** પડિગ્ગહ

૨. દંત વાણિજ્જે **લક્ખ વાણિજ્જે કેસ વાણિજ્જે રસ વાણિજ્જે વિસ વાણિજ્જે જંતપીલણ કમ્મે નિલ્લંછણ કમ્મે** દવગ્ગિદાવણયા

૩. જિણે **અરિહંતે કિત્તઈસ્સં ચઉવીસંપિ કેવલી ઉસભ મજિયં ચ** વંદે

૪. અહોકાયં **કાયસંફાસં ખમણિજ્જો ભે! કિલામો અપ્પકિલંતાણં બહુ સુભેણં** ભે દિવસો

૫. લોગ નાહાણં **લોગ હિયાણં લોગ પઈવાણં લોગ પજ્જોયગરાણં અભય દયાણં ચક્ખુ દયાણં મગ્ગ દયાણં** સરણ દયાણં

૬. પરમત્થ **સંથવો વા સુદિટ્ઠ પરમત્થ સેવણા વા વિ વાવન્ન કુદંસણ વજ્જણા** સમ્મત્ત

૭. સુએ **સામાઈએ તિણ્હં ગુત્તિણં ચઉણ્હં કસાયાણં પંચણ્હ** મણુવ્વયાણં

૮. સગા સંબંધી **તથા વ્યાપાર સંબંધી નભરમી વસ્તુ ઉપરાંત અદત્તાદાન લેવાના** પચ્ચકખાણ

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૮)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. અભિથુઆ | **સ્તુતિ કરાયેલા** | ૨. ન કિત્તિયં | **કીર્તન કર્યું ન હોય** |
| ૩. ઉત્તિંગ | **કીડિયારા વગેરે જીવોના દર** | ૪. તારયાણં | **બીજાને સંસાર સાગરથી તારનારા** |
| ૫. મોણેણં | **વચન દ્વારા મૌન રહીને** | ૬. ગરિહામિ | **ગુરુસાક્ષીએ ગર્હા કરું છું** |
| ૭. આઈચ્ચેસુ | **સૂર્યોથી** | ૮. તિત્થયરાણં | **ચતુર્વિધ સંઘની સ્થાપના કરનાર** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૮)**

| | મૂળ પાઠ | | મૂળ પાઠ |
|---|---|---|---|
| ૧. મને બતાવો | **મમ દિસંતુ** | ૨. કચર્યા હોય | **સંકમણે** |
| ૩. સ્થાનને પામેલા | **ઠાણં સંપત્તાણં** | ૪. આરાધના કરેલ ન હોય | **ન આરાહિયં** |
| ૫. કરું છું | **કરેમિ, ઠામિ** | ૬. અપ્રતિહત | **અપ્પડિહયં** |
| ૭. સંપૂર્ણ લોકમાં | **લોગસ્સ** | ૮. મૂળથી નાશ કરવાને માટે | **નિગ્ઘાયણટ્ઠાએ** |

**(ડ) સામાયિકના દોષના આધારે લખો.** **(૩)**

૧. મનનો ૭ મો – **સંશય દોષ** ૨. વચનનો ૩ જો – **સ્વચ્છંદ દોષ** ૩. કાયાનો ૧૦ મો – **વિમાસણ દોષ**

**(ઇ) નીચેનામાં ૩૨ દોષમાંથી કોનો કયો દોષ છે? તે લખો.** **(૩)**

૧. સામાયિકમાં ટેકો લઈને બેસવું – **આલંબન દોષ – કાયાનો પાંચમો દોષ**

૨.સામાયિકમાં લાભની ઈચ્છા કરવી – **લાભાર્થ દોષ – મનનો ત્રીજો દોષ**

૩. ધ્યાન બીજે હોય અને પ્રતિક્રમણના પાઠ બોલવા – **નિરપેક્ષ દોષ – વચનનો નવમો દોષ**

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૯)**

૧. કાઉસ્સગ્ગની વિધિ શું છે? તે શા માટે કરવામાં આવે છે? (૨×૨)

**જ. પલાંઠી વાળીને બેસીને અથવા ઉભા રહીને બે હાથ નીચે રાખી, બંને આંખો અર્ધખુલ્લી રાખી, એક પદાર્થ ઉપર દૃષ્ટિ સ્થિર રાખીને કરાય છે. પાપનું પ્રાયશ્ચિત્ત કરવા, આત્માને વિશેષ શુદ્ધ કરવા, પાપકર્મોનો નાશ કરવા, શલ્યોથી રહિત થવા માટે કાઉસ્સગ્ગ કરવામાં આવે છે.**

૨. સામાયિકમાં શું કરવું જોઈએ?

**જ. ધાર્મિક પુસ્તકોનું વાંચન કરવું, નવો નવો અભ્યાસ કંઠસ્થ કરવો, વ્યાખ્યાન સાંભળવું, પ્રાર્થના કરવી, જાપ કરવા, વાંચણી સાંભળવી, ધ્યાન ધરવું, કાઉસ્સગ્ગ કરવો, આત્મગુણો–૧૨ ભાવનાનું ચિંતન કરવું.**

૩. નમોત્થુણંમાં એકેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવની ઉપમા બતાવતા શબ્દ કયા? મૂળ પાઠ લખો. (૧×૫)

**જ. એકેન્દ્રિય – પુરિસવર પુંડરિયાણં અને પંચેન્દ્રિય – પુરિસ સિંહાણં, પુરિસવર ગંધહત્થીણં.**

૪. તીર્થંકરો કોઈ ઉપર પ્રસન્ન કેમ થતા નથી?

**જ. તીર્થંકરો રાગ–દ્વેષથી રહિત હોય છે, તેથી કોઈ ઉપર પ્રસન્ન થતા નથી.**

૫. લીધેલા વ્રતને તોડવાની ઈચ્છા કરવી એ પાપનું કેટલામું પગથિયું છે? કયું?

**જ. અતિક્રમ – પહેલું.**

૬. ઈરિયાવહિયાનો પાઠ આપણને શું શીખવે છે?

**જ. નીચે જોઈને ચાલવાનું અને જીવોની દયા પાળવાનું.**

૭. માત્ર કાન ન હોય તે કેટલી ઈન્દ્રિયવાળા કહેવાય? ત્રણ ઉદાહરણ આપો.

**જ. ચૌરેન્દ્રિય – ચાર ઈન્દ્રિયવાળા. વાંદા, ભમરા, મચ્છર, માખી, તીડ.**

**(ઉ) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. વિરાધના એટલે ....... હિંસા. | **જીવોની હિંસા** |
| ૨. તીર્થનું બીજું નામ ....... છે. | **ચતુર્વિધ સંઘ** |
| ૩. સામાયિક કરવાથી ....... નો ત્યાગ થાય છે. | **સાવદ્યયોગ** |
| ૪. યોગ એટલે મન, વચન અને કાયાનો ....... . | **વ્યાપાર** |
| ૫. જેનાથી પીડા થાય તેને ....... કહેવાય. | **શલ્ય** |

**(૨૦)**

**પ્ર.૨ (અ) સંસ્કાર વિભાગને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૨)**

૧. શેના પર મમત્વ ન કરવું જોઈએ? (૧×૮)

**જ. અનિત્ય, ક્ષણિક, નાશવંત વસ્તુઓ પર.**

૨. પાપકર્મ હું કોના માટે બાંધું છું?

**જ. માતા, પિતા, શરીર, ધન.**

૩. મોક્ષમાં આત્માને શું કહેવાય છે?

**જ. અરૂપી, અમર.**

૪. અરૂપી આત્મા શેના દ્વારા દેખાતો નથી?

**જ. ચામડાની આંખ દ્વારા.**

૫. આત્માને કયા કારણે જન્મ–મરણ કરવા પડે છે? કોને જન્મ–મરણનું દુઃખ નથી?

**જ. પોતાના કર્મના કારણે. સિદ્ધ ભગવાનને.**

૬. સાચું શરણ કોણ આપે છે?

**જ. અરિહંત, સિદ્ધ, સાધુ, ધર્મ.**

૭. સામાયિક અને સહનશીલતા માટે કોને યાદ કરશું?

**જ. પુણિયા શ્રાવક, મહાવીર સ્વામી.**

૮. જે કાયમ ન ટકવાનું હોય તેના માટે શું ન કરવું જોઈએ?

**જ. રાગ, દ્વેષ, પાપ.**

૯. જ્ઞાનવૃદ્ધિનો ત્રીજો અને નવમો બોલ લખો. (૨×૨)

**જ. (૩) ભૂખ કરતા ઓછું ખાઈને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.**

**(૯) પાંચ ઈન્દ્રિયોને વશ કરીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.**

૧૦. પાંચમો અભિગમ લખો. જમતા પહેલા શું કરવું જોઈએ?

**જ. મનની એકાગ્રતા – મનની એકાગ્રતાથી વ્યાખ્યાન, વાંચણી સાંભળવા અને સ્વાધ્યાય કરવો. જમતા પહેલા**

**પૂ. સાધુ–સાધ્વીજીઓને વહોરાવવાની ભાવના ભાવવી જોઈએ.**

**(બ) જોડકા જોડો.** **(૫)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. આત્મા | ૧. ક્ષણિક | **૩. શુદ્ધ** |
| ૨. શાલિભદ્ર | ૨. અભિગમ | **૪. ત્યાગ** |
| ૩. ઉત્તરાસંગ | ૩. શુદ્ધ | **૨. અભિગમ** |
| ૪. સગાઓ | ૪. ત્યાગ | **૫. તકલીફ** |
| ૫. સુખ | ૫. તકલીફ | **૧. ક્ષણિક** |

**(ક) હું કોણ છું? મને ઓળખો.** **(૩)**

| | જવાબ |
|---|---|
| ૧. હું કર્મબંધને તોડવાનો ઉપદેશ આપું છું. | **સાધુ–સાધ્વીજી** |
| ૨. મારા જેવા શ્રદ્ધાવાન બનવું જોઈએ. | **અમરકુમાર** |
| ૩. મારા ઘરે આવતા આત્મા અમર બની જાય છે. | **મોક્ષમાં** |

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. મહાવીર સ્વામીનો અભિગ્રહ શું હતો? તે અભિગ્રહ કોના હાથે શું વહોરાવીને પૂરો થયો?

**જ. કોઈ સ્ત્રી ઉંબરા પર બેઠી હોય, તેનો એક પગ ઘરના ઉંબરાની અંદર અન બીજો પગ ઉંબરાની બહાર હોય, કુંવારી રાજકુમારી હોય, પણ દાસીપણું પામી હોય, પગમાં બેડી હોય, માથે મુંડન હોય, રુદન કરતી હોય, તે અને ભિક્ષા વહોરાવે તો પારણું કરું. ચંદનબાળાના હાથે બાકુળા વહોરીને.**

૨. બાળ પાર્શ્વનાથ ભગવાનને જન્મથી કેટલા જ્ઞાન હતા? તે જ્ઞાનથી તેમણે શું અનર્થ થતા જોયો?

**જ. ૩, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન. અજ્ઞાની તાપસ ધૂણી ધખાવીને બેઠો હતો અને અગ્નિની આતપના લેતો હતો. ધગધગતી ધૂણીમાં જે લાકડા હોમાયા હતા, તેના પોલાણમાં એક નાગ જીવતો બળી રહ્યો હતો.**

૩. નંદીષેણે દેવને શું કીધું?

**જ. હે દેવ! આ જગતમાં વીતરાગનો ધર્મ અને તેના સંતો સિવાય બીજું શું મહાન છે? હું તો માત્ર મારો ધર્મ, મારી ફરજ બજાવું છું તે સિવાય કાંઈ નથી કરતો. એમ કરવામાં હું કોઈના ઉપર ઉપકાર પણ નથી કરતો. મને સેવાના કામથી ખૂબ જ આનંદ અને સંતોષ પ્રાપ્ત થાય છે.**

**(ખ) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

| | જવાબ |
|---|---|
| ૧. જોઈ તારી સેવા ભાવના. | **સાધુ નંદીષેણ મુનિને કહે છે.** |
| ૨. તું તારી માયા જલ્દી સંકેલી લે. | **ધરણેન્દ્ર મેઘમાળીદેવને કહે છે.** |
| ૩. આને આપણી દીકરી ગણીને રાખજે. | **ધનાવહ શેઠ મૂળા શેઠાણીને કહે છે.** |
| ૪. આ તપશ્ચર્યા સાચી તપશ્ચર્યા નથી. | **પાર્શ્વકુમાર કમઠ તાપસને કહે છે.** |

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. આંધી આવે ........ આજ રે. **પાના નં. ૫૯ કડી ૫/૬** ૨. સંતોએ ......... ઉડાવું છું. **પાના નં. ૫૯ કડી ૨**

૩. દુ:ખ ......... ખાળવાના. **પાના નં. ૬૦ કડી ૧** ૪. પંચ ......... અપાર. **પાના નં. ૬૦ કડી ૧**

**જય – જિનેન્દ્ર**